Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/ - ૧૫૬૯૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૨૦ /૦૮/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
યાદી મુજબની શાળાઓ

આ સાથે સામેલ સચિવશ્રી સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ સમગ્ર શિક્ષા ગાંધીનગરના પત્ર ક્રમાંક/ક્યુઈ સેલ /૧/૨૦૨૨/૩૧૭૦૮-૭૧૧ તા.૧૦/૦૮/૨૦૨૨ અન્વયે જાણ તથા અમલ થવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાતશાળાશિક્ષણપરિષદ
સ્ટેટપ્રોજેક્ટકચેરી,
સમગ્રશિક્ષા ,સેકટર-૧૭,
ગાંધીનગર.
E-mail –qecell@gmail.com
ફોનનં-૦૭૯-૨૩૨૪૧૩૩

પત્રક્રમાંકઃસમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૨/ ૩૧૭૦૮-૭૧૨ તા.૧૭/૮/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા – સુરત

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા – સુરત
શાસનાધિકારીશ્રીઃ સુરત

વિષયઃ 'સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર' વર્ષ ૨૦૨૧-૨૨' અંતર્ગત રાજ્ય કક્ષાના સન્માન સમારંભમાં ઉપસ્થિત રહેવા અંગે...

સંદર્ભઃ માન.એસપીડીશ્રીની સૂચના અનુસાર

શ્રીમાન,

આપશ્રી સુવિદિત છો તે રીતે સમગ્ર દેશમાં માન. વડાપ્રધાનશ્રી દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા સંચાલિત 'સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર' અંતર્ગત શ્રેષ્ઠ કાર્ય કરતી આવી શાળાઓને યોગ્ય માપદંડોથી મૂલ્યાંકિત કરી તેને પુરસ્કાર આપી સન્માનિત કરવા માટે રાજ્ય કક્ષાએ પણ 'સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર'ની શરૂઆત કરવામાં આવી છે.

'સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર' અંતર્ગત માન. શિક્ષણ મંત્રીશ્રી, ગુજરાત રાજ્યના હસ્તે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી શાળાઓ/વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો રાજ્ય કક્ષાનો કાર્યક્રમ તા:૨૩/૦૮/૨૦૨૨ને મંગળવારના રોજ યોજાનાર છે. સદર કાર્યક્રમમાં આપશ્રીને ઉપસ્થિત રહેવા ખાસ વિનંતી છે.

ઉપરોક્ત કાર્યક્રમમાં રાજ્ય કક્ષાએ વિવિધ કેટેગરીમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર શાળાઓ/વિદ્યાર્થીઓની યાદી આ સાથે સામેલ છે. આ યાદીમાં આપના જિલ્લાની શાળામાંથી નીચે દર્શાવેલ કેટેગરીવાઈઝ સભ્યો સમયસર કાર્યક્રમ સ્થળ પર ઉપસ્થિત રહે તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

૧.'સ્વચ્છ વિદ્યાલય અંતર્ગત શ્રેષ્ઠ પ્રવૃતિઓ કરનાર શાળા'(ઓવરઓલ કેટેગરી અને સબ કેટેગરી)
(આચાર્યશ્રી+ બે શિક્ષકશ્રી + બાળસંસદના પાંચ વિદ્યાર્થીઓ = શાળા દીઠ કુલ આઠ સભ્યો)

૨. સ્વચ્છતા પખવાડા અંતર્ગત થયેલી વિવિધ સ્પર્ધા(ચિત્ર,નિબંધ,સ્લોગન)માં રાજ્ય કક્ષાએ વિજેતા બનેલા શ્રેષ્ઠ ત્રણ વિદ્યાર્થીઓ (વિજેતા વિદ્યાર્થી+ શાળાના આચાર્યશ્રી/શિક્ષકશ્રી)

કાર્યક્રમનું સ્થળ : પંડિત દીનદયાળ ઉપાધ્યાય હોલ, ૧- રાજપથ રંગોલી રોડ, PRL કોલોની, બોડકદેવ, અમદાવાદ

કાર્યક્રમની તારીખ અને વાર : ૨૩/૦૮/૨૦૨૨, મંગળવાર

કાર્યક્રમ સ્થળે રજિસ્ટ્રેશનનો સમય : સવારે ૯:૦૦ થી ૧૦:૦૦

આભારસહ.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
૫૦૭૫
તા. ૨ ૧૭/૮/૨૨

શાળાને જાણ કરો

સંપર્ક નંબર: ૧) જીગરભાઈ પાઠક (અમદાવાદ) : ૭૮૭૪૪૬૭૯૨૦

૨) અનિલભાઈ ઉપાધ્યાય (SPO ગાંધીનગર) : ૯૪૨૬૮૦૮૫૧૩

(મહેશ મહેતા)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:</u>

- માન.એસપીડીશ્રી, સદર કચેરી
- માન.એએસપીડીશ્રી, સદર કચેરી

**રાજય કક્ષાનો એવોર્ડ વિજેતા શાળાઓની યાદી – ઓવરઓલ કેટેગરી**

| અનુ નં | જિલ્લો | તાલુકો | શાળાનું નામ | યુ-ડાયસ કોડ | એરીયા | કેટેગરી | પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| 1 | સુરત | ઓલપાડ | મહારાજા અગ્રસેન ઇંન્ટરનેશન સ્કુલ | 24220809909 | ગ્રામ્ય | માધ્યમિક | ખાનગી |
| 2 | સુરત | સુરત કોર્પો. | ધ રેડીયન્ટ ઇન્ટરનેશનલ સ્કુલ મ(જી.એમ) | 24221502929 | શહેરી | માધ્યમિક | ખાનગી |

**સ્વચ્છતા પખવાડા અંતર્ગત થયેલી ચિત્ર સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ વિજેતા બનેલા વિદ્યાર્થી**

| મેળવેલો નંબર | નામ | શાળા | તાલુકો | જિલ્લો |
|---|---|---|---|---|
| 3 | યાદવ દિપકકુમાર રવીન્દ્ર | અસ્નાબાદ પ્રા. શાળા | ઓલપાડ | સુરત |

**સ્વચ્છતા પખવાડા અંતર્ગત થયેલી નિબંધ સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ વિજેતા બનેલા વિદ્યાર્થી**

| મેળવેલો નંબર | નામ | શાળા | તાલુકો | જિલ્લો |
|---|---|---|---|---|
| 1 | પટેલ પ્રિયંકા સંજયભાઈ | અસ્નાબાદ પ્રા. શાળા | ઓલપાડ | સુરત |